Gujarati

# વિદ્યાર્થીઓ માટે હાઉસિંગ બેનિફિટ અને કાઉન્સિલ ટેક્સ બેનિફિટ વિશેની માર્ગદર્શિકા

**(A Guide to Housing Benefit and Council Tax Benefit for Students)**

આ પત્રિકા વિદ્યાર્થીઓ માટે હાઉસિંગ અને કાઉન્સિલ ટેક્સ બેનિફિટ વિશે સમજૂતી આપે છે. આ નિયમો રાષ્ટ્રિય છે અને તમે ગમે તે વિસ્તારમાં રહેતાં હો તે સરખા જ હોય છે. તમે રહો છો તે વિસ્તાર કઈ કાઉન્સિલમાં આવે છે તેની તમને ખબર ન હોય, તો તે તમે તમારા કાઉન્સિલ ટેક્સના બિલ પરથી જાણી શકશો.

## વિદ્યાર્થીઓ હાઉસિંગ બેનિફિટ અને કાઉન્સિલ ટેક્સ બેનિફિટ ક્લેઈમ કરી શકે છે?

હાઉસિંગ અને કાઉન્સિલ ટેક્સ બેનિફિટ રેગ્યુલેશનો અમને કહે છે કે વિદ્યાર્થી એટલે એવી વ્યક્તિ જે કોઈ શૈક્ષણિક સંસ્થાનમાં કોઈ શિક્ષણનો અભ્યાસક્રમ કરી રહી હોય.

મોટા ભાગનાં **ફૂલ ટાઈમ** વિદ્યાર્થીઓ હાઉસિંગ બેનિફિટ ક્લેઈમ કરી શકતાં નથી, કારણ કે તેમની ગ્રાન્ટ, સ્ટુડન્ટ લોન અથવા એક્સેસ ફંડ જેવા બીજા પૈસાનો ઉપયોગ તેઓ પોતાનું ભાડું ભરવા માટે કરે તેવી સરકાર તેમની પાસેથી અપેક્ષા રાખે છે.

સામાન્ય રીતે, હાઉસિંગ બેનિફિટના હેતુસર, ફૂલ-ટાઈમ વિદ્યાર્થી એટલે કે શિક્ષકના માર્ગદર્શન હેઠળ મેળવવામાં આવતા શિક્ષણ માટે દર અઠવાડિયાના 16 કલાક કે તેથી વધારે સમયનો હોય તેવા અભ્યાસક્રમમાં હાજરી આપતી વ્યક્તિ. તમે ફૂલ-ટાઈમ વિદ્યાર્થી છો કે પાર્ટ-ટાઈમ તેની તમને ચોક્કસ ખબર ન હોય, તો તમારી કોલેજ અથવા યૂનિવર્સિટીનો સંપર્ક કરો જેઓ તમને આ વિશે સલાહ આપી શકશે.

## કયા વિદ્યાર્થીઓ હાઉસિંગ બેનિફિટ અને કાઉન્સિલ ટેક્સ બેનિફિટ ક્લેઈમ કરી શકે છે?

તમે કદાચ ક્લેઈમ કરી શકો, જો તમેઃ

- પાર્ટ-ટાઈમ વિદ્યાર્થી હો;
- બાળક અથવા યુવાન વ્યક્તિની જવાબદારી ધરાવતાં વિદ્યાર્થી હો (દંપતિમાંથી કોઈ એક તરીકે અથવા તમે એકલાં હો);
- એકલાં ફોસ્ટર માતા કે પિતા હો;
- 60 વર્ષ કે તેથી વધારે ઉંમરનાં હો;
- ઈન્કમ સપોર્ટ અથવા આવક આધારિત જોબસીકર્સ અલાવન્સ મેળવતાં હો;
- ડિસેબિલિટી પ્રિમિયમ અથવા સીવિઅર ડિસેબિલિટી પ્રિમિયમની શરતો પૂરી કરતાં હો;
- 28 અઠવાડિયાંથી કામ ન કરી શક્યાં હો;
- તમે બહેરાં હોવાને કારણે ડિસેબલ્ડ સ્ટુડન્ટ્સ અલાવન્સ (અસમર્થ વિદ્યાર્થી માટેનાં ભથ્થાં) માટે લાયક બનતાં હો;
- 21 વર્ષથી ઓછી ઉંમરનાં હો અને ઊચ્ચ અભ્યાસ ન કરતાં હો;
- તમારા પાર્ટનર હોય, જેઓ વિદ્યાર્થી ન હોય (તેમણે ક્લેઈમ કરવો પડશે, તમારે નહિ); અથવા
- કોઈ બીમારી અથવા કોઈની સંભાળ રાખવાની જવાબદારીઓને કારણે, અને કોલેજ અથવા યૂનિવર્સિટીની મંજૂરીથી તમારો કોર્સ વચ્ચે અમુક સમય માટે બંધ કરવો પડ્યો હોય.

તમે ક્લેઈમ કરી શકો કે નહિ તેની તમને ચોક્કસ ખબર ન હોય, તો તમે સલાહ માટે હંમેશાં તમારી સ્થાનિક કાઉન્સિલનો સંપર્ક કરી શકો છો.

## શું વિદ્યાર્થી નર્સો હાઉસિંગ બેનિફિટ ક્લેઈમ કરી શકે?

નેશનલ હેલ્થ સર્વિસ દ્વારા ભંડોળ મેળવતાં વિદ્યાર્થીઓ પણ બીજાં વિદ્યાર્થીઓને લાગુ પડતા એક સરખા નિયમો હેઠળ જ હાઉસિંગ બેનિફિટ ક્લેઈમ કરી શકે છે. જો તમે ચોક્કસ ન હો, તો સલાહ માટે તમારી સ્થાનિક કાઉન્સિલને ફોન કરી જુઓ.

## વિદેશથી આવેલાં વિદ્યાર્થીઓ હાઉસિંગ બેનિફિટ ક્લેઈમ કરી શકે?

જો તમે યુરોપથી આવેલાં વિદ્યાર્થી હો, તો જો તમે ક્લેઈમ કરી શકતાં વિદ્યાર્થી માટેની શ્રેણીમાંથી કોઈ શ્રેણીમાં આવતાં હો તો જ તમે હાઉસિંગ બેનિફિટ ક્લેઈમ કરી શકો છો. ‘કયા વિદ્યાર્થીઓ હાઉસિંગ બેનિફિટ અને કાઉન્સિલ ટેક્સ બેનિફિટ ક્લેઈમ કરી શકે છે?’ વિભાગ જુઓ.

જો તમે યુરોપની બહારના દેશમાંથી આવતાં હો, તો તમે કદાચ કોઈ હાઉસિંગ બેનિફિટ ક્લેઈમ નહિ કરી શકો, પછી તમે ક્લેઈમ કરી શકતાં વિદ્યાર્થીનાં જૂથોમાંથી કોઈ જૂથમાં આવતાં હશો તો પણ. તેનો આધાર તમે કઈ શરતો હેઠળ આ દેશમાં આવેલાં છો તેના પર રહેલો છે અને અમે તમારા હાઉસિંગ બેનિફિટના ક્લેઈમ ઉપર કોઈ કાર્યવાહી કરી શકીએ તે પહેલાં અમને તમારી ઈમિગ્રેશનની પરિસ્થિતિ શું છે તે વિશેની માહિતી જોઈશે.

## યૂનિવર્સિટી અથવા કોલેજ પાસેથી ભાડે લીધેલા મકાનમાં રહેતાં વિદ્યાર્થીઓ હાઉસિંગ બેનિફિટ ક્લેઈમ કરી શકે?

હા, લાયક બનતાં ફૂલ-ટાઈમ અને પાર્ટ-ટાઈમ વિદ્યાર્થીઓ તેમની કોલેજ અથવા યૂનિવર્સિટી પાસેથી ભાડે લીધેલા રહેઠાણ માટે ક્લેઈમ કરી શકે છે. પોતાની યૂનિવર્સિટી કે કોલેજ પાસેથી ભાડે લીધેલા મકાનમાં રહેતા લાયક બનતા વિદ્યાર્થી તેમના અભ્યાસના સમય સિવાયના સમયે પણ હાઉસિંગ બેનિફિટ માટે લાયક બની શકે છે. આ તો જ લાગુ પડી શકે છે જ્યારે મકાનમાં રહેતા વિદ્યાર્થીને અભ્યાસક્રમમાં હાજરી આપવામાં સરળતા રહે તે કારણસર તેઓ મકાનમાં રહેતા હોય.

જો કોલેજ અથવા યૂનિવર્સિટીએ કાઉન્સિલ, હાઉસિંગ અસોસિએશન અથવા કોઈ ખાનગી મકાનમાલિક પાસેથી થોડા સમય પૂરતું રહેઠાણ ભાડે લીધેલું હોય અને તમે હાઉસિંગ બેનિફિટ ક્લેઈમ કરી શકતાં વિદ્યાર્થીઓની કોઈ એક શ્રેણીમાં આવતાં હો તો પણ તમે કદાચ લાયક બની શકો.

આ વિશે વધારે જાણકારી મેળવવા માટે તમારી સ્થાનિક કાઉન્સિલને ફોન કરો.

## મારે બે ઘરો સાચવવાનાં છે - એક કોલેજમાં અને બીજું ઘરે. શું હું હાઉસિંગ બેનિફિટ ક્લેઈમ કરી શકું છું?

સામાન્ય રીતે તમે જે ઘરમાં રહેતાં હો અને જેના માટે ભાડું ચૂકવતાં હો તેના માટે હાઉસિંગ બેનિફિટ ચૂકવવામાં આવે છે. જો તમે વિદ્યાર્થી અથવા તાલીમાર્થી હો, દંપતિમાંથી કોઈ એક હો અને તમારા અભ્યાસક્રમ કે કામને કારણે તમારે બે જુદાં જુદાં ભાડાનાં રહેઠાણોમાં રહેવું પડતું હોય તો તમે કદાચ બે ઘરો માટે મદદ મળવી શકો.

તમે કદાચ હાઉસિંગ બેનિફિટ ક્લેઈમ કરી શકો, પણ તેનો આધાર તમારા સંજોગો પર રહેલો છે. તમારે તમારી સ્થાનિક કાઉન્સિલને પૂછવું જોઈએ, આથી સલાહ માટે તેમનો સંપર્ક કરો.

## જો હું હાઉસિંગ બેનિફિટ ક્લેઈમ કરી શકું તેવો/તેવી વિદ્યાર્થી હોઉ, તો મને કેટલા પૈસા મળશે?

તમને કેટલા પૈસા મળશે તે તમારી આવકના આધારે જુદા જુદા હોય છે. તમને સ્ટુડન્ટ લોનની પૂરેપૂરી કેટલી રકમ મળી શકે તેમ છે તેના પરથી અમે તમારી આવકની ગણતરી કરીએ છીએ, પછી ભલે તમને ખરેખર તમને તે લોન જરા પણ ન મળતી હોય. આ પૈસામાંથી અઠવાડિયાના પહેલા £10ને અમે ગણતરીમાં લેતાં નથી. નર્સિંગ અથવા મિડવિફરી ડિપ્લોમાના અભ્યાસક્રમો માટે છાત્રવૃત્તિ મેળવતાં વિદ્યાર્થીઓને સ્ટુડન્ટ લોન મળી શકતી નથી આથી અમારે લોનની કોઈ આવકની ગણતરી કરવાની હોતી નથી.

નર્સિંગનો ડિપ્લોમા નહિ કરતાં વિદ્યાર્થીઓ માટે, અમે કોઈ પણ ગ્રાન્ટ અને લોનની આવકની પૂરેપૂરી રકમની ગણતરી, બીજાં સામાન્ય વિદ્યાર્થીઓ માટે કરીએ છીએ તેમજ કરીએ છીએ.

વિદ્યાર્થીઓ માટે હાઉસિંગ બેનિફિટની ગણતરી કરવા માટેના નિયમો અટપટા છે. જો તમે કોઈ પ્રશ્નો પૂછવા માગતાં હો, તો સલાહ માટે તમે હંમેશાં તમારી સ્થાનિક કાઉન્સિલને ફોન કરી શકો છો.

## હું કેવી રીતે બેનિફિટ ક્લેઈમ કરું?

તમારી સ્થાનિક કાઉન્સિલ પાસેથી હાઉસિંગ અને/અથવા કાઉન્સિલ ટેક્સ બેનિફિટનું ક્લેઈમ ફોર્મ મેળવીને ભરો.

## મારે તમને શું પુરાવા આપવાની જરૂર પડશે?

તમારા આખા ભરેલા ક્લેઈમ ફોર્મની સાથે, અમને તમારા ક્લેઈમની આકારણી કરવા માટે નીચેની વસ્તુઓની જરૂર પડે છે.

- તમારા નાણાંકીય મૂલ્યાંકન (ફાઈનાન્શિયલ અસેસમેન્ટ)ની એક નકલ
- બીજી બધી જ આવક અને બચતનો પુરાવો
- સત્રની તારીખો અને તમે કયા વર્ષમાં છો તે સહિત તમારા અભ્યાસક્રમની સંપૂર્ણ વિગતો
- તમારા ભાડાનો પુરાવો
- તમારી ઓળખનો પુરાવો અને નેશનલ ઈન્શ્યોરન્સ નંબર

અમને શું જોઈએ છે તે એપ્લિકેશન ફોર્મમાં તમને જણાવેલું હોય છે, પરંતુ જો અમને વધારે માહિતીની જરૂર પડશે તો અમે તમને લખીને તે મંગાવીશું.

## હું બીજાં વિદ્યાર્થીઓની સાથે એક મકાનમાં રહું છું. મારે કાઉન્સિલ ટેક્સ ચૂકવવો પડશે?

ના, તમારે સામાન્ય રીતે કાઉન્સિલ ટેક્સ નહિ ચૂકવવો પડે. જો તમે એવા મકાનમાં રહેતાં હો જેમાં ફક્ત વિદ્યાર્થીઓ જ રહેતાં હોય તો તમે કાઉન્સિલ ટેક્સમાંથી મુક્તિ મેળવવાનો ક્લેઈમ કરી શકો છો. આ કરવા માટે, મકાનમાં રહેતી દરેક વ્યક્તિએ કાઉન્સિલ ટેક્સ ઓફિસને તેમનાં સ્ટુડન્ટ સર્ટિફિકેટો પૂરાં પાડવાનાં જરૂરી રહેશે. જો મકાનમાં રહેતી દરેક વ્યક્તિ માટેનું સ્ટુડન્ટ સર્ટિફિકેટ કાઉન્સિલ ટેક્સ ઓફિસને નહિ મળે, તો તેઓ કાઉન્સિલ ટેક્સ બિલ મોકલી આપશે.

## હું હોલ ઓફ રેસિડેન્સમાં રહું છું. મારે કાઉન્સિલ ટેક્સ ચૂકવવો પડશે?

ના, સામાન્ય રીતે તમારે કાઉન્સિલ ટેક્સ નહિ ચૂકવવો પડે, અને તે મકાનને મુક્તિ મળેલી હોવાને કારણે તમારે મુક્તિ મેળવવા માટેનો ક્લેઈમ પણ નહિ કરવો પડે.

## હું બીજાં લોકો સાથે સહિયારા રહેઠાણમાં રહું છું, જે બધાં વિદ્યાર્થીઓ નથી. મારે કાઉન્સિલ ટેક્સ ચૂકવવો પડશે?

જ્યાં ફૂલ-ટાઈમ વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થી ન હોય તેવાં લોકો વહેંચીને રહેઠાણ વાપરતાં હોય ત્યાં કાઉન્સિલ ટેક્સ ચૂકવવા માટે કોણ જવાબદાર છે તે માટેના નિયમો અટપટા છે. દરેક સંજોગોને અલગ અલગ રીતે જોવા જરૂરી છે. વધારે સલાહ માટે તમારી સ્થાનિક કાઉન્સિલમાં કાઉન્સિલ ટેક્સ સેક્શનનો સંપર્ક કરો.

જો વિદ્યાર્થી ન હોય તેવાં લોકોને ઈન્કમ સપોર્ટ, ઈન્કમ બેઝ્ડ (આવક આધારિત) જોબસીકર્સ અલાવન્સ અથવા પેન્શન ક્રેડિટ મળતાં હોય તો 'ઓલ્ટરનેટિવ મેક્સિમમ કાઉન્સિલ ટેક્સ બેનિફિટ' (સેકન્ડ એડલ્ટ રીબેટ) લાગુ પડશે. જ્યારે ક્લેઈમ કરવામાં આવે ત્યારે આ 100% (પૂરેપૂરો) આપવામાં આવશે અને કોઈ કાઉન્સિલ ટેક્સ ભરવાનો નહિ આવે.

## મને વધારે સલાહ ક્યાંથી મળી શકશે?

જો તમને વધારે મદદ કે સલાહ જોઈતાં હોય, તો તમારી સ્થાનિક કાઉન્સિલ અથવા તમારી યૂનિવર્સિટી કે કોલેજનો સંપર્ક કરો. તેમની પાસે કદાચ કોઈ સલાહ કેન્દ્ર હશે જ્યાંથી તમને મદદ મળી શકશે. અથવા તમારે તમારા સ્થાનિક સિટિઝન્સ એડવાઈઝ બ્યૂરોનો અથવા વેલફેર રાઈટ્સ સર્વિસનો સંપર્ક કરવો જોઈએ. તેમની વિગતો તમારી સ્થાનિક ફોન બુકમાંથી મળી શકશે.

## અન્ય સ્વરૂપો

આ પુસ્તિકામાં આપવામાં આવેલી માહિતી તમને મોટા અક્ષરોમાં છાપેલી, બ્રેઈલ (અંધલિપિ)માં, ઓડિયો સ્વરૂપે અને બીજી ભાષાઓમાં મળી શકશે. વધારે માહિતી માટે અમારી વેબસાઈટ www.benefit-leaflets.org જુઓ.